# 3 ધંધાકીય સેવાઓ - 2
## (Business Services-2)

**પરિચય :**

**બૅન્કનો અર્થ :** રિઝર્વ બૅન્કનાં મત અનુસાર માંગવામાં આવે એટલે તરત જ કે નિર્ધારિત મુદતના અંતે પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થાને બૅન્ક કહે છે.

**બૅન્કનાં કાર્યો :** (1) મુખ્ય કાર્યો : થાપણો સ્વીકારવી, ધિરાણ કરવું, રોકાણ કરવું, આંતર બૅન્કીંગ વ્યવહારો કરવા. (2) ગૌણ કાર્યો : ગ્રાહકોના નાણાકીય વ્યવહારો સંભાળવા, હૂંડિયામણને લગતા વ્યવહારો કરવા, શાખપત્ર આપવા, ટ્રાવેલર્સ ચેક આપવા, ડ્રાફ્ટની સેવા આપવી, બૅન્કની સાથે જોડાયેલ વ્યક્તિની શાખ અંગેની માહિતી આપવી, બાંહેધરી દલાલ તરીકેની સેવા આપવી, આ ઉપરાંત ATM, DEMAT, સેફ ડિપૉઝીટ વૉલ્ટની સુવિધા જેવી સંબંધિત સેવાઓ પૂરી પાડવી.

**બૅન્ક ખાતાના પ્રકારો :** (1) બચત ખાતું (2) ચાલુ ખાતું (3) રિકરિંગ ખાતું અને (4) બાંધી મુદતનું ખાતું

**બૅન્કની સેવાઓ :** રોકાણ / ધિરાણ કરવા અને થાપણો સ્વીકારવા ઉપરાંત ગ્રાહકોની સેવાઓ માટે ડ્રાફ્ટ ઈસ્યુ કરવા, RTGS, NEFT, બૅન્ક ઓવરડ્રાફ્ટ, કૅશ-ક્રેડિટ અને લોન વગેરે જેવા બૅન્કીંગ સાથે સંબંધિત હોય તેવાં કાર્યો કરે છે.

**ઈ-બૅન્કિંગ :** ઇ-બૅન્કીંગમાં ઈન્ટરનેટ, કોરબૅન્કીંગ અને મોબાઈલ બૅન્કીંગ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

(1) ઈ-બૅન્કિંગમાં બૅન્કના વ્યવહારો ભૌતિક સ્વરૂપને બદલે ઈલેક્ટ્રોનિક સ્વરૂપે થાય છે. આ પ્રકારના બૅન્ક વ્યવહારો ઈન્ટરનેટ દ્વારા કે મોબાઈલ બૅન્કીંગ દ્વારા પણ થાય છે. જેમાં નાણાંકીય અને બિનનાણાકીય વ્યવહારોનો સમાવેશ થાય છે. (2) કોર-બૅન્કીંગમાં CORE એટલે Centralised Online Real-Time Exchange, બૅન્કની આ વ્યવસ્થામાં એક જ બૅન્કની સમગ્ર વિશ્વમાં રહેલી તમામ શાખા જોડાયેલી હોય છે. આ વ્યવસ્થાના કારણે ખાતેદાર જે શાખાનો સભ્ય હોય તે શાખા ઉપરાંત તે બૅન્કની કાઈ પણ શાખામાંથી પોતાના વ્યવહારો કરી શકે છે.

**બૅન્કીંગ સંબંધિત સેવાઓ :** બૅન્ક ગ્રાહકોની સુવિધાઓ માટે ગ્રાહકોને ATM, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ જેવી બૅન્કીંગ સંબંધિત સેવાઓ પણ પૂરી પાડે છે.

### વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખોઃ**

1. વિશ્વની સૌપ્રથમ બૅન્ક ક્યારે શરૂ કરવામાં આવી હતી ?

(a) 1407 (b) 1704 (c) 1047 (d) 1740

2. વિશ્વની સૌપ્રથમ બૅન્ક ક્યાં શરૂ થઈ હતી ?

(a) ભારત (b) બ્રાઝિલ (c) જીનીવા (d) સ્વિટ્ઝરલૅન્ડ

3. ભારતની મધ્યસ્થ બૅન્કનું નામ શું છે ?

(a) S.B.I. (b) R.B.I. (c) C.B.I. (d ) P.N.B.

4. ઓવરડ્રાફ્ટની સગવડ નિશ્ચિત સમય માટે કરવામાં આવે ત્યારે તે કયાં નામે ઓળખાય છે?

(a) પે-ઑર્ડર (b) કેશ-ક્રેડિટ (c) ડિમાન્ડ ડ્રાફ્ટ (d ) ઓવરડ્રાફ્ટ

5. બૅન્ક ક્યા ખાતામાં ન્યૂનતમ સિલક રાખવાની ફરજ પાડી શકે છે?

(a) ચાલુ (b) બચત (c) રિકરિંગ (d) બાંધી મુદતનું

6. ક્યા ખાતામાં નિશ્ચિત સમયે નિશ્ચિત રકમ જમા કરાવવી ફરજિયાત છે?

(a) બચત ખાતામાં (b) ચાલુ ખાતામાં (c) રિકરીંગ ખાતામાં (d) બાંધી મુદતનાં ખાતામાં

7. ઇ-બૅન્કીંગ એટલે શું ?

(a) ઇલેક્ટ્રિકલ્સ બૅન્કિંગ (b) ઇલેક્ટ્રોનિક બૅન્કિંગ (c) ઇલેક્ટ્રિક બૅન્કિંગ (d) ઈમેગ્રેટિક બૅન્કિંગ

8. બૅન્ક ખાતેદારની શાખની કિંમતનું જે કાર્ડ આપે તેને શું કહે છે?

(a) ડેબિટ કાર્ડ (b) પાન કાર્ડ (c) વોટીંગકાર્ડ (d) ક્રેડિટ કાર્ડ

9. ATM નું પૂર્ણ નામ છે?

(a) Automatic Teller Machine (b) All Time Money

(c) All Total Money (d) All Type of Money

10. વર્તમાન સમયમાં આયાત-નિકાસનો વેપાર કોના મારફતે કરવો ફરજિયાત છે?

(a) રેલવે (b) આડતિયા (c) ઇન્ટરનેટ (d) બૅન્ક

11. KYC નું વિસ્તૃત રૂપ શું છે?

(a) Know Your Computer (b) Know Your Charges

(c) Know Your Capital (d) Know Your Customer

12. IFSC કોડ કેટલી ડિજિટનો હોય છે?

(a) 4 (b) 9 (c) 11 (d) 15

13. IFSC કોડ કોણ ફાળવે છે?

(a) IDBI (b) IDRBT (c) RTGS (d) NEET

14. RTGSમાં ન્યૂનતમ કેટલી રકમની ફેરબદલી થાય છે?

(a) 50,000 (b) 1,50,000 (c) 2,00,000 (d) 5,00,000

15. NEFTની એક બેચમાં વધુમાં વધુ કેટલા ટ્રાન્ઝેક્શન હોય છે?

(a) 5 (b) 7 (c) 9 (d) 10

16. ચાલુ ખાતું ક્યા વર્ગ માટે અનુકૂળ છે?

(a) ધંધાદારી (b) વિદ્યાર્થી (c) નોકરિયાત (d) મધ્યમ વર્ગ

17. IDRBTનું કેન્દ્ર ક્યાં આવેલું છે?

(a) અમદાવાદ (b) દિલ્લી (c) હૈદરાબાદ (d) મુંબઈ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખોઃ**

1. રોમન સામ્રાજ્યમાં નાણાં ધીરનારને કયા નામે ઓળખવામાં આવતા હતા?

2. બૅન્ક એટલે શું?

3. બૅન્કનો ધિરાણ  કરવાનો મુખ્ય  હેતુ શું છે?

4. ઓવરડ્રાફ્ટ એટલે શું?

5. ભારતમાં ચલણી નોટ  બહાર પાડવાનું કાર્ય કોના દ્વારા થાય છે?

6. બૅન્ક કયા માધ્યમો દ્વારા થાપણો મેળવે છે?

7. ડિમાન્ડડ્રાફ્ટ એટલે શું?

8. RBIના નિયમ પ્રમાણે KYC માટે કયા પુરાવા જરૂરી છે?

9. RTGS નું વિસ્તૃતરૂપ લખો.

10. NEFT નું વિસ્તૃતરૂપ આપો.

11. પે-ઓર્ડર એટલે શું?

12. ઈ-બૅન્કિંગનો અર્થ આપો.

13. કોલ-મનીનો સમયગાળો કેટલો છે?

14. બૅન્કની સૌથી મોટી જવાબદારી કઈ છે?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. 'બૅન્ક એ નાણાંનો વેપાર કરતી સંસ્થા છે?'- સમજાવો.

2. વેપારી કઈ સુવિધા મેળવવા માટે બૅન્કમાં ચાલુ ખાતું ખોલાવે છે?

3. ટ્રાવેલર્સ ચેકનો ફાયદો શું?

4. આંતર બૅન્કિંગ વ્યવહારો એટલે શું?

5. ઈ-બૅન્કિંગનો અર્થ આપી બૅન્કના વિકાસના તબક્કા જણાવો.

6. બૅન્ક વેપારીઓની કઈ જરૂરિયાતો પૂરી પાડવા લોન આપે છે?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**વિભાગ D**

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

1. મોબાઈલ બૅન્કિંગ :- ટૂંકનોંધ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ વચ્ચેનો તફાવત જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. કોર બૅન્કિંગ વિશે સમજૂતી આપો.

4. ઓવરડ્રાફ્ટ અને કેશક્રેડિટ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

5. રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS) - ટૂંકનોંધ લખો.

6. નેશનલ ઈલેક્ટ્રૉનિક ફંડ ટ્રાન્સફર (NEFT) - ટૂંક નોંધ લખો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો:**

1. બૅન્કનો અર્થ આપી તેના કાર્યોની સમજૂતી આપો.

2. બૅન્કના ખાતાના પ્રકારોની સમજ આપો.

3. બૅન્કની વિવિધ સેવાઓ સમજાવો.

4. ઈ-બૅન્કિંગનો અર્થ આપી ઈન્ટરનેટ અને મોબાઈલ બૅન્કિંગની સમજૂતી આપો.

5. નીચેની બૅન્કિંગ સંબંધિત સેવાઓ સમજાવો.

(a) ATM (2) ક્રેડિટ કાર્ડ (3) ડેબિટ કાર્ડ